# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના રાજેન્દ્ર ચાવડા અને વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલિયા આગળ

2) ઇરાન-ઇઝરાયેલ વચ્ચે તંગદિલી વધીઃ બંને દેશોએ એકબીજા પર મિસાઇલોથી હુમલા કર્યા

3) ઇરાને હોરમૂઝની સામુદ્રધૂની બંધ કરતા તેલની કિંમતો પાંચ મહિનાની ઊંચી સપાટીએ: ભારત સહિત એશિયાનાં શેરબજારોમાં કડાકો

4) કનિષ્ક બોમ્બ વિસ્ફોટની 40મી વરસી પર ભારત અને આર્યલેન્ડમાં મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઇ.

5) લીડ્સમાં ઇંગલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટનાં ચોથા દિવસે ભારત બીજી ઇનિંગમાં બે વિકેટે 90 રનથી રમત આગળ ધપાવશે

.....................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## BYPOLLS COUNTING- ASSEMBLY

ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે મત ગણતરી ચાલી રહી છે. ગુજરાતમાં વિસાવદર અને કડી મતવિસ્તાર માટે અત્યાર સુધી મળેલા વલણો મુજબ વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલિયા અને કડીમાં ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડા સરસાઇ ભોગવી રહ્યાં છે. જ્યારે  કેરળની નિલંબુર બેઠક પર કોંગ્રેસ અને પશ્ચિમ બંગાળની કાલીગંજ બેઠક પર ટીએમસી તેમજ પંજાબની લુધિયાણા પશ્ચિમમાંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર આગળ હોવાના પ્રાથમિક  અહેવાલ મળી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DAY IRAN-ISRAEL CONFLICT-1

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો  છે.. આ સંઘર્ષ દરમિયાન  ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીએ ઈઝરાયલને સજા આપવાની પ્રતિજ્ઞા લીધી છે ...અમેરિકા દ્વારા ઈઝરાયલી હુમલામાં જોડાયા બાદ સોશિયલ મીડિયા સંદેશમાં, ખામેનીએ કહ્યું ઈઝરાયલે મોટી ભૂલ કરી છે. દરમિયાન, ઈરાની અધિકારીઓએ જણાવ્યું હતું કે સૈન્ય પરમાણુ સુવિધાઓ પર અમેરિકી હુમલાના પ્રતિભાવનો સમય, પ્રકૃતિ અને માપ નક્કી થઇ રહ્યું છે. અગાઉ, ઈરાનની સંસદે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ અને ગેસ શિપિંગ માર્ગોમાંના એક, હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાના પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂરી

આપી હતી. આ નિર્ણયને કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રતિ બેરલ સો ડોલર ભાવ પહોંચી જાય તેવી શક્યતા છે..  હોર્મુઝની સામુદ્રધુની વૈશ્વિક તેલ નિકાસના આશરે 20 ટકાનો નોંધપાત્ર હિસ્સો છે..

દરમિયાન, અમેરિકી લશ્કરી અધિકારીઓએ સમગ્ર પ્રદેશમાં દળોને ઉચ્ચ સતર્કતા પર રાખ્યા છે. પેન્ટાગોન આ સામુદ્રધુનીને ખુલ્લી રાખવા સંભવિત નૌકાદળ મુકાબલા માટે તૈયારી કરી રહ્યું હોવાના અહેવાલ છે,

બીજીતરફ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી, આજે વાટાઘાટો માટે મોસ્કો પહોંચ્યા છે. તેઓ અમેરિકી લશ્કરી કાર્યવાહી બાદ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ અંગે રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે પરામર્શ કરશે..

વૈશ્વિક સ્તરે પણ આ સંઘર્ષની અસરો વર્તાઇ રહી છે.ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ન્યૂ યોર્કમાં યુએન મુખ્યમથક ખાતે સુરક્ષા પરિષદના કટોકટીના ખાસ સત્ર દરમિયાન શાંતિની અપીલ કરી હતી.. ઇરાન પર અમેરિકાના હુમલાને ખતરનાક ગણાવીને રાજદ્વારી પગલાં દ્વારા શાંતિ લાવવાની ઇરાન , અમેરિકા અને ઇઝરાયેલને વિનંતી કરી હતી..

ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી, પેની વોંગે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના ઈરાન પર હુમલો કરવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું, જ્યારે તણાવ ઓછો કરવા અને રાજદ્વારી પગલાંની અપીલ પણ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## OIL MARKET PRICE SURGE

અમેરિકાએ ઈરાનની પરમાણુ સુવિધાઓ પર હુમલો કર્યા પછી અને હોરમૂઝની સામુદ્રધૂની બંધ કરવાના ઈરાનના નિર્ણય પછી આજે સવારે તેલની કિંમતો પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગઈ હતી.

બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રુડનો ભાવ 2 ટકાથી વધુ વધીને 79 ડોલર પ્રતિ બેરલ થયો હતો, જ્યારે W.T.I. ક્રુડ 2 ટકાથી વધુ વધીને 75 ડોલર પ્રતિ બેરલની નજીક વેપાર કરી રહ્યું હતું.

બ્રેન્ટ ક્રુડના ભાવમાં 5 ટકાનો વધારો થયા બાદ ઘટાડો થયો હતો. ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે કાચા તેલના ભાવમાં સતત ત્રીજા અઠવાડિયે વધારો થયો છે. હોરમૂઝની સામુદ્રધૂની ઓઇલ અને ગેસના પરિવહન માટે અગત્યનો માર્ગ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## STOCK MARKET

ભૂ-રાજકીય તણાવ વચ્ચે ભારતીય શેરબજારના સૂચકાંકો આજે સવારે ઘટાડા સાથે ખુલ્યા. એશિયા પેસિફિકમાં શેરબજારો પણ શરૂઆતના વેપારમાં ગગડી ગયા. જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ગગડ્યો હતો, જ્યારે દક્ષિણ કોરિયામાં, કોસ્પી ઇન્ડેક્સ 1.16 ટકા ઘટ્યો. હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ માટે ફ્યુચર્સ પણ નીચો ખુલ્યો હતો.

ભારતીય શેરબજારમાં બપોર બાદ પણ ઘટાડાનું વલણ યથવાત્ રહ્યું હતું એને સેન્સેક્સ 600 કરતાં વધુ પોઇન્ટના કડાકા સાથે કારોબાર કરી રહ્યો હતો.. નિફ્ટીમાં પણ 160 પોઇન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## KANISHKA BOMBING - JAISHANKAR

કનિષ્ક બોમ્બ વિસ્ફોટની 40મી વરસી નિમિત્તે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે આ હુમલામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી, તેને આતંકવાદના ઘોર કૃત્યોમાંથી એક ગણાવ્યું. વર્ષ 1985માં આજના દિવસે, કેનેડાના મોન્ટ્રીયલથી લંડન અને પછી નવી દિલ્હી જતી એર ઇન્ડિયા ફ્લાઇટ 182માં કેનેડા સ્થિત ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા વિસ્ફોટ કરાયો હતો. આ  કાયરતાપૂર્ણ આતંકવાદી કૃત્યના પરિણામે ફ્લાઇટમાં એટલાન્ટિક મહાસાગરની મધ્યમાં હવામાં વિસ્ફોટ થયો હતો. કેનેડિયન અને અન્ય વિદેશી નાગરિકો તેમજ બાળકો સહિત ઘણા ભારતીય નાગરિકો સહિત 329 નિર્દોષ મુસાફરો માર્યા ગયા હતા..

આ નિમિત્તે આર્યલેંડના કોર્કમાં કનિષ્ક વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી... કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંઘ પુરી,  આયર્લેન્ડના પ્રધાનમંત્રી  માઈકલ માર્ટિન અને કેનેડિયન જાહેર સલામતી મંત્રી ગેરી આનંદસાંગરીએ  કોર્કમાં અહાકિસ્તા સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અર્પી હતી..  આ કાર્યક્રમમાં ભાજપના

વરિષ્ઠ નેતા તરુણ ચુઘ અને અનેક રાજ્યોના ધારાસભ્યો સામેલ થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## AMIT SHAH CHATTISGADH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢની રાજધાની રાયપુરમાં સુરક્ષા કમાન્ડરોને મળશે અને નક્સલ-વિરોધી કામગીરી અંગે ચર્ચા કરશે. છત્તીસગઢ પ્રવાસના પહેલા દિવસે, તેમણે રાયપુરમાં ડીજીપી, એડીજીપી અને છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઝારખંડ તેમજ ઓડિશાના વરિષ્ઠ અધિકારીઓ સાથે નક્સલવાદ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી.

શ્રી શાહ આજે છત્તીસગઢના નારાયણપુરના પ્રવાસે આવવાના હતા, પરંતુ ભારે વરસાદની આગાહીને કારણે ગૃહમંત્રી શાહનો પ્રવાસ રદ કરાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA ENGLAND TEST

લીડ્સમાં ઇંગલેન્ડ સામે રમાઇ રહેલી તેંડુલકર-એન્ડરસન ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચનાં ચોથા દિવસે ભારત બીજી ઇનિંગમાં બે વિકેટે 90 રનથી રમત આગળ ધપાવશે. કે. એલ રાહુલ 47 અને સુકાની શુભમન ગિલ છ રને રમતમાં છે. પ્રથમ ઇનિંગમાં છ રનની સરસાઇ સાથે ભારતની કુલ સરસાઇ 96 રન થઈ છે.

ભારતનાં પ્રથમ ઇનિંગનાં 471 રનનાં જવાબમાં ઇંગલેન્ડે પ્રથમ ઇનિંગમાં 464 રન બનાવ્યા હતા. આ શ્રેણીમાં કુલ પાંચ ક્રિકેટ ટેસ્ટ મેચ રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## OVERALL MOOKERJEE MARTYRDOM

રાષ્ટ્ર આજે ડૉક્ટર શ્યામાપ્રસાદ મુખર્જીને તેમની 72-મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા

સંદેશમાં કહ્યું, ડૉક્ટર મુખર્જીએ દેશની અખંડિતતાને અકબંધ રાખવા અતુલ્ય હિંમત દર્શાવી હતી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ આજે નવી દિલ્હીમાં પક્ષનાં વડા મથકે ડૉક્ટર શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી.

ભારતીય જનસંઘના સ્થાપક ડૉક્ટર મુખર્જીનું વર્ષ 1953માં આજનાં દિવસે શ્રીનગરની જેલમાં રહસ્યમય સંજોગોમાં અવસાન થયું હતું. શ્રી નડ્ડાએ સ્વર્ગસ્થ મુખરજીને શ્રધ્ધાંજલિ આપતા આ મુજબ જણાવ્યુઃ

(BYTE – J.P. NADDA ON S P MUKHERJJE)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## US PROTEST AGAINT IRAN ATTACK

ઈરાનના પરમાણુ સ્થાનો પર હવાઇ હુમલા સામે અમેરિકાના ન્યૂયોર્ક, વોશિંગ્ટન, શિકાગો, લોસ એન્જલસ અને બોસ્ટન સહિતનાં શહેરોમાં યુદ્ધ વિરોધી દેખાવ થયા હતા.

નિવૃત્ત યુધ્ધ સૈનિકો સહિતનાં સેંકડો લોકો વોશિંગ્ટનમાં વ્હાઇટ હાઉસનાં દરવાજા પર એકત્ર થયા હતા અને ‘ઇરાન સામે યુધ્ધ નહીં’નાં બેનર સાથે વિરોધ કર્યો. ન્યૂયોર્કમાં પણ સેંકડો દેખાવકારોએ ટાઇમ્સ સ્કવેરથી કોલંબસ સર્કલ સુધીની કૂચ યોજી. તેમણે અમેરિકાના પરમાણુ મથકો પરનાં બોંબમારાને યુધ્ધનું કૃત્ય ગણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## STARMER-TRUMP-CALL

ઈરાનના પરમાણુ સ્થળો પર અમેરિકાના હુમલાને પગલે બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમરે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી. ટેલિફોનિક વાતચીતમાં, બંને નેતાએ ઈરાનને શક્ય તેટલી વહેલી તકે વાટાઘાટો કરવા તરફ પર પાછા ફરવા તેમજ કાયમી સમાધાનની દિશામાં આગળ વધવાની જરૂરિયાત પર ચર્ચા કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AUSTRALIA-US-SUPPORT

ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે કહ્યું, ઓસ્ટ્રેલિયા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન પર હુમલો કરવાના નિર્ણયને સમર્થન આપે છે, સાથે જ તણાવ ઓછો કરવા અને રાજદ્વારી વલણ અપનાવવાની હાકલ પણ કરે છે. શ્રી વોંગે કેનબેરામાં પત્રકારો સંબોધતા જણાવ્યું. ઈરાનને પરમાણુ હથિયાર વિકસાવવાની મંજૂરી આપી શકાય નહીં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .